# રેગ્યુલર દિવાની મુકદમા નં. ૨૩/૨૦૧૫ ના કામે આંક–૦૫ ની વચગાળાના મનાઈહુકમની અરજી તળે હુકમ

(૧) હાલના કામના વાદીઓએ રું.૩૦૦/– ના આંકથી જાથુનો મનાઈહુકમ મેળવવા માટે હાલના કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો દાખલ કરેલ છે. જેમાં દિવાની પ્રક્રિયા સંહિતા, ૧૯૦૮ ના આદેશ–૩૯, નિયમ ૧ અને ૨ તથા કલમ –૧૫૧ અન્વયે વાદીઓએ હાલના કામના પ્રતિવાદીઓ વિરુધ્ધ આંક–૫ ની વચગાળાની અરજી દાખલ કરેલ છે. જેમાં વાદીઓએ એવી દાદ માંગેલ છે કે આ કામના વાદીઓની સર્વે નંબર ૯૪૧ તથા રામતળાવે આવેલ અંબે માતાના મંદિર તરફ જવાનો વર્ષો જુનો જાહેર રસ્તો કપડવંજ–મોડાસા રોડથી પ્રતિવાદીની સર્વે નંબર ૯૪૨ વાળી જમીનની દક્ષિણ બાજુની સાઈડે વચ્ચે થઈ પશ્ચિમ તરફ સીધા વાદીઓના સર્વે નંબર ૯૪૧ વાળી જમીનના ઉત્તરાતા શેઢે શેઢે સીધા પુર્વ તરફ રામના તળાવે આવેલ અંબે માતાના મંદિર સુધી જવા–આવવાનો જાહેર રસ્તો આવેલ છે જે જાહેર રસ્તો આ કામના પ્રતિવાદીઓ કે તેમના માણસો, એજન્ટો, એસાઈનીઓ કે પાવર ઓફ એટર્ની હોલ્ડરો બંધ કરે–કરાવે નહીં કે સદર રસ્તા વચ્ચે કોઈપણ જાતનું બાંધકામ કરે–કરાવે નહીં તેવો વાદીના લાભમાં પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈહુકમ આપવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદીઓને સમન્સની બજવણી નિયમોનુસાર થતા પ્રતિવાદીઓએ વાદીઓની દાવા અરજી અને મનાઈહુકમની અરજીનો સંયુકત જવાબ આંક–૧૫ થી રજુ રાખેલ છે.

(૩) વાદીઓએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ આ કામે રજુ રાખેલા છે.

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | માર્ક |
|---|---|---|
| ૧. | વાદીઓના સર્વે નં. ૯૪૧ જેનો નવો સર્વે નંબર ૨૦૩૪ વાળી જમીનની નકશા સાથેની ગામ નમુના નં. ૭ ના ઉતારાની કોમ્પ્યુટરરાઈઝ નકલ | ૩/૧ |
| ૨. | બાયની સીમના વાદીઓના સર્વે નંબર ૯૪૧ વાળી જમીન તથા તેની આજુબાજુઓની જમીનોની સ્થળસ્થિતિ દર્શાવતા નકશાની નકલ | ૩/૨ |
| ૩. | વાદી નં. ૧ તથા સદર જમીનની આજુબાજુના માણસોએ મામલતદારશ્રી બાયડનાઓને સદર જાહેર રસ્તા બાબતે અરજીની નકલ | ૩/૩ |

| | | |
|---|---|---|
| ૪. | વાદીઓએ સર્વે નંબર ૯૪૪ વાળી જમીન એન.એ. કરાવેલ તેના લે–આઉટ પ્લાનની ઝેરોક્ષ નકલ | ૩/૪ |
| ૫. | પ્રતિવાદીની સર્વે નંબર ૯૪૨ જેનો નવો સર્વે નંબર ૧૯૭૭ વાળી જમીનની નકશા સાથેની ગામ નમુના નં. ૭ ના ઉતારાની કોમ્પ્યુટરાઈઝ નકલ | ૩/૫ |
| ૬. | જાહેર રસ્તો તથા તેની આજુબાજુની સ્થળસ્થિતિ દર્શાવતા ફોટોગ્રામફ | ૩/૬ |
| ૭. | સૈયદ એહમદમીયાનું સોગંદનામું | ૨૨/૧ |
| ૮. | સૈયદ એહમદમીયાના ગામ નમુના નં. ૭ તથા ૮/અ ના ઉતારા | ૨૨/૨ |
| ૯. | ચમાર ડાહ્યાભાઈ ડોસાભાઈનું સોગંદનામું | ૨૨/૩ |
| ૧૦. | ચમાર ડાહ્યાભાઈ ડોસાભાઈના સર્વે નં. ૯૩૯/૧ ગામ નમુના નં. ૭ નો ઉતારો | ૨૨/૪ |
| ૧૧. | પંચાલ રમણભાઈ કુબેરભાઈનું સોગંદનામું | ૨૨/૫ |
| ૧૨. | પંચાલ રમણભાઈ કુબેરભાઈના સર્વે નં. ૧૦૩૮ ના ૭ ના ઉતારા | ૨૨/૬ |
| ૧૩. | સોલંકી સંજયભાઈ બચુભાઈનું સોગંદનામું | ૨૨/૭ |
| ૧૪. | સોલંકી અંબાલાલ ખેંગારભાઈનું સોગંદનામું | ૨૨/૮ |
| ૧૫. | દુરસ્તી થયેલ બાયડ ગામનો નવો નકશો | ૨૬/૧ |
| ૧૬. | બાયડ ગામના નકશાની ઝેરોક્ષ નકલ | ૨૬/૨ |

પ્રતિવાદીઓએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ આ કામે રજુ રાખેલા છે.

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | માર્ક |
|---|---|---|
| ૧. | સર્વે નં. ૯૪૨ ના વેચાણ દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ | ૨૮/૧ |
| ૨. | સર્વે નં. ૯૪૧ ના વેચાણ દસ્તાવેજની સર્ટીફાઈડ નકલ | ૨૮/૨ |
| ૩. | કલેકટર કચેરી, અરવલ્લીનાએ નાયબ કલેકટરશ્રી, બાયડને ટાઈટલ કલીયર ન હોવા બાબતે લખેલ પત્રની નકલ | ૨૮/૩ |
| ૪. | સર્વે નં. ૯૪૧ બાબતે પટેલ ગીરીશભાઈ કેશવરભાઈએ આપેલ વાંધા અરજીની નકલ | ૨૮/૪ |
| ૫. | બાયડ નગરપાલીકાએ પ્રાંત કચેરી, બાયડને સર્વે નં. ૯૪૧ બાબતે બીનખેતી મંજુરીનો અભિપ્રાય મોકલવા લખેલ પત્રની ઝેરોક્ષ | ૨૮/૫ |
| ૬. | નાયબ કલેકટરશ્રી, બાયડનાએ સર્વે નં. ૯૪૧ માં બીનખેતી માટેની મંજુરી નામંજુર કરતો લખેલ પત્રની ઝેરોક્ષ | ૨૮/૬ |

(૪) અરજી તથા પ્રતિવાદીઓના લેખીત જવાબો તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા.

(૫) પક્ષકારોના પક્ષનિવેદનના આધારે સદર અરજીનો નિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) શું વાદી સાબીત કરે છે કે તેઓનો પ્રથમદર્શનીય કેસ છે ?

(ર) શું વાદી સાબીત કરે છે કે જો તેઓને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો નાણાંમાં વળતર ન મળી શકે તેવું નુકશાન તેઓને સહન કરવુ પડે તેમ છે ?

(૩) શું વાદી સાબીત કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે ?

(૪) શું હુકમ ?

(૬) ઉપરોકત તમામ મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં

(ર) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ.

(૭) ઉપરોકત મુદ્દાઓના જવાબો પરત્વેના કારણો નીચે મુજબ છે :–

## –:: કારણો ::–

### (૮) મુદ્દા નં. ૧ થી ૩ :–

વાદીઓના વિધ્વાન વકીલશ્રીએ કરેલ મૌખિક દલીલો તથા આંક–૨૩ થી આપેલ લેખીત દલીલો તથા પ્રતિવાદીઓના વિધ્વાન વકીલશ્રીએ કરેલ મૌખિક દલીલો ધ્યાનમાં લીધેલ છે.

(૯) વાદીઓ તરફે વિધ્વાન વકીલશ્રી જે. યુ. મલેકે મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે વાદીની મોજે બાયડના જુનો સર્વે નં. ૯૪૧ જેનો જુનો ખાતા નં. ૩૧૩ વાળી જમીન આવેલ છે તેનો નવો સર્વે નંબર ૨૦૩૪ પડેલ છે અને ખાતા નંબર ૪૧૩ છે તે વાદીઓની સહીયારી માલીકીની આવેલ છે અને સદર જમીનમાં વાદીઓનો પરાપુર્વ વખતનો હળ, બળદ, ગાડુ, ટ્રેક્ટર વિગેરે ખેતીના સાધનો લઈ આવવા-જવાનો વર્ષો જુનો રસ્તો કપડવંજ-મોડાસા રોડથી સર્વે નંબર ૯૪૨ જેનો નવો સર્વે નંબર ૧૯૭૭ છે અને જે જમીન પ્રતિવાદીઓની આવેલ છે તે જમીનની દક્ષિણ બાજુની સાઈડે વચ્ચે થઈ પશ્ચિમ તરફ સીધા વાદીઓના સર્વે નંબર ૯૪૧ વાળી જમીનના ઉત્તારા શેઢે વાદીઓના ખેતરમાં જવાનો તથા સદર રસ્તો આગળ સીધા પુર્વ તરફ રામના તળાવે આવેલ અંબે માતાના મંદિર સુધી જવા-આવવાનો જાહેર રસ્તો આવેલ છે અને તે રીતેનો વાદીઓના ખેતરમાં જવાનો તથા આજુબાજુના ખેતરવાળાઓનો તથા આગળ આવેલ તળાવ તથા મંદિરે જવાનો વર્ષો જુનો રસ્તો આવેલ છે અને સદર ઉપરોકત જણાવેલ રસ્તા સિવાય વાદીઓનો બીજો કોઈ રસ્તો વાદીની જમીનને અડીને આવેલ નથી. વધુમાં એવી રજુઆત કરેલ છે કે વાદીની સર્વે નં. ૨૦૩૪ વાળી જમીન તથા પ્રતિવાદીની સર્વે નંબર ૧૯૭૭ વાળી જમીન બાબતે કોઈ તકરાર નથી અને વાદીની સર્વે નંબર ૯૪૦, ૯૪૧, ૯૪૨, ૯૪૩ અને ૯૪૮ વાળી તમામ જમીનો વાદીઓની આવેલ હતી જેમાંથી સર્વે નંબર ૯૪૨ વાળી જમીન વાદીઓએ વેચાણ કરેલ હોવા સંબંધી પણ કોઈ તકરાર નથી. વધુમાં એવી રજુઆત કરેલ છે કે વાદગ્રસ્ત રસ્તો વાદીઓનો તથા આગળના ખેતરવાળાઓનો અને તેની આગળ આવેલ તળાવ અને મંદિરે જવાનો ખેતરાળુ રસ્તો વાદીઓનો તથા જાહેર રસ્તો આવેલ છે જેના પર નગરપાલીકા ધ્વારા સ્ટ્રીટ લાઈટો મારેલ છે અને આ હકીકત કોર્ટ કમિશ્નર ધ્વારા કરવામાં આવેલ માર્ક ૧૦/૧ ના પંચનામા અને માર્ક ૧૦/૨ ના નકશા ઉપરથી સાબીત થાય છે તેમજ પ્રતિવાદીઓ ધ્વારા સદર કોર્ટ કમિશ્નર ધ્વારા કરવામાં આવેલ પંચનામા અને નકશા બાબતે આજદિન સુધી કોઈ વિરોધ કરવામાં આવેલ નથી તે રીતે પ્રતિવાદીઓ ધ્વારા રસ્તાની દક્ષિણ બાજુએ સ્ટ્રીટ લાઈટો નાંખેલ છે તે હકીકત કબુલ રાખવામાં આવેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે પ્રતિવાદીઓએ તેમની જમીનની દક્ષિણ બાજુએ તેમની હદ પુરી થતા આર.સી.સી. ની કમ્પાઉન્ડ વોલ બાંધી દીધેલ છે અને આ હકીકત પ્રતિવાદીઓએ તેમના આંક-૧૫ ના લેખીત જવાબના પેરા-૨૨ માં કબુલ કરેલ છે અને જો ખરેખર સદર રસ્તા ઉપર પ્રતિવાદીઓનો હકક હીત હોત તો તેમણે આર.સી.સી. ની પાકી કમ્પાઉન્ડ

વોલ બાંધી ના હોત આમ પ્રતિવાદીઓએ જે કમ્પાઉન્ડ વોલ બાંધેલ છે તેનાથી સાબીત થાય છે કે તેમની કમ્પાઉન્ડ વોલની દક્ષિણ બાજુ રસ્તો આવેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે આ કામે માર્ક ૩/૪ થી સર્વે નંબર ૯૪૪ વાળી જમીન કે જમીનમાં સોસાયટી પડેલ છે તે સોસાયટીના લે–આઉટ પ્લાનની નકલ રજુ કરેલ છે તે લે–આઉટ પ્લાનમાં પણ વાદીઓએ જે રસ્તો સુચવેલ છે તે જ દાવાવાળા રસ્તે થઈને ત્રાહીત ઈસમો ચાલે છે અને તે રસ્તાનો ઉપયોગ કરે છે તેના સોગંદનામાં પણ આ કામે રજુ કરેલા છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે આ કામના પ્રતિવાદીઓ કે જે કોન્ટ્રાકટર છે અને સર્વે નંબર ૯૪૨ વાળી જમીનમાં તેઓએ રીલાયન્સ પેટ્રોલપંપ બનાવેલ છે તેઓએ બદદાનતે તેઓની સર્વે નંબર ૯૪૨ વાળી જમીનની હદ પુરી થાય અને તેઓની હદમાં રસ્તો બંધ થાય તે રીતેનું બાંધકામ કરવાની તથા દબાણ કરવાની તજવીજ કરતા તા.૧૩.૦૭.૨૦૧૫ ના રોજ વાદી નં. ૧ એ મામલતદારશ્રી, બાયડને એક અરજી આપેલી તે આ કામે રજુ કરેલ છે જે અરજીમાં કોઈ કાર્યવાહી ન થતાં હાલના કામના પ્રતિવાદીઓએ રસ્તો બંધ કરવાની તજવીજ કરેલ છે. વધુમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કે આ કામે રજુ કરેલ ફોટોગ્રાફ્સ જોતાં પણ ફલીત થાય છે કે રસ્તો ખુલ્લો છે અને પંચનામું અને નકશો વંચાણે લેતાં કમ્પાઉન્ડ વોલ બાંધેલાનું પુરવાર થાય છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે આ કામે રજુ કરેલા ત્રાહીતના એફીડેવીટો વંચાણે લેવામાં આવે તો આ ઈસમો પણ આ જ રસ્તાનો ઉપયોગ કરે છે તેવું ફલીત થાય છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે હાલનો દાવો તેઓએ સી.પી.સી. ની કલમ–૯ મુજબ સુખાધીકાર માટેનો છે. આમ, તેઓએ એવી રજુઆત કરેલ છે કે વાદીઓ અને અન્ય ઈસમો વર્ષો પર્યંતથી વાદગ્રસ્ત રસ્તા ઉપરથી ચાલે છે અને જો તે રસ્તો બંધ થઈ જાય તો વાદીઓને નુકશાન જાય તેમ છે. જેથી વાદીનો પ્રાઈમાફેસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં છે અને કુદરતી ન્યાયનીતીના સિધ્ધાંતો વાદીના લાભમાં છે તે સંજોગોમાં વાદીને કામચલાઉ મનાઈહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને તેથી કોઈ નુકશાન થાય તેમ નથી. જો વાદીઓને માંગ્યા મુજબનો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને ખુબ જ પારાવાર નુકશાન થાય જેનો બદલો નાણાંથી પણ વળી ન શકે. તેથી આ તમામ સંજોગો ધ્યાને લઈ તેમજ દલીલો ધ્યાને લઈ વાદીને કામચલાઉ મનાઈઅરજીનો હુકમ વાદીના લાભમાં અપાવવા અરજ કરેલ છે. તેઓએ તેમની દલીલના સમર્થનમાં નીચે મુજબની ઓથોરીટી ઉપર આધાર રાખેલ છે :–

[1] **Bhikhubhai Nanabhai Patel & 3 V/s. Damjibhai Kunvarjibhai Yadav- Appeal from Order No. 156 of 2015 of Hon'ble Gujarat High Court.**

**[2] Nirmalaben wd/o. Chimanlal Trivedi V/s. Saikripa Co.op. Housing Society Ltd.- Second Appeal No. 208/91 Hon'ble Gujarat High Court.**

**[3] Prabhudas Kalyanji V/s. Haji Hasan Haji Yusuf Maklai- 1983 G.L.H. Page 395- Hon'ble Gujarat High Court.**

(૧૦) પ્રતિવાદીઓ તરફે વિદ્વાન વકીલશ્રી બી. એમ. કોઠારીએ એવી રજુઆત કરેલ છે કે પ્રતિવાદીઓએ સર્વે નં. ૯૪૨ ની જમીન તા.૧૦.૧૦.૧૯૭૭ ના રોજ વાદીઓના જણાવ્યા મુજબ વેચાણ આપેલી. સર્વે નં. ૯૪૨ ની પુર્વે વાદીઓની સર્વે નંબર ૯૪૧ તથા ૯૪૦ વાળી જમીનો આવેલી છે. આમ, વાદીઓના દાવામાં જણાવ્યા મુજબ સર્વે નં. ૯૪૨ ની જમીનમાં થઈ જણાવેલ વર્ણવેલ રસ્તેથી વાદીઓના સર્વે નં. ૯૪૧ તથા ૯૪૦ માં જવા આવવાનો જાહેર રસ્તો તેમજ રસ્તો તથા હકક આવેલ હોત તો સર્વે નં. ૯૪૨ ની જમીન વેચાણ આપી તે જમીનના વેચાણ દસ્તાવેજમાં સ્વાભાવિક છે કે આ બાબતનો ઉલ્લેખ કરેલ હોત તેવો કોઈ ઉલ્લેખ સર્વે નં. ૯૪૨ ના વેચાણ દસ્તાવેજમાં કરવામાં આવેલ નથી. વધુમાં એવી રજુઆત કરેલ છે કે વાદીઓએ સર્વે નં.૯૪૧ પૈકીની જમીન તા.૧૯.૧૧.૨૦૧૩ ના રોજ અતુલકુમાર વિઠલદાસ જોષી વિગેરેને વેચાણ કરી તે વેચાણ દસ્તાવેજમાં પણ જવા-આવવા રસ્તાનો હકક જણાવેલ નથી અને આ કામના વાદીઓએ બાયડ કપડવંજ હાઈવેથી રસ્તો આપવાનો રહેશે તેવી જવાબદારી સ્વીકારેલ હોઈ અને તે જવાબદારી અન્વયે વાદીઓએ સર્વે નં. ૯૪૧ પૈકીની વેચાણ આપેલ જમીનની માતબર રકમ મેળવેલ હોય આ સંજોગોમાં પ્રતિવાદીઓ વિરુધ્ધ હાલનો દાવો તથા મનાઈઅરજી સ્થળસ્થિતિનો ગેરલાભ લઈ નવો હકક ઉત્પન્ન કરવા પાછળથી કરેલ છે. સર્વે નં. ૯૪૧ પૈકીની જમીન વેચાણ રાખનારે બીનખેતીની માંગણી નાયબ કલેકટરશ્રી, બાયડને કરતા સર્વે નંબરની હદમાં કોઈ સરકારી કે જાહેર રસ્તો દર્શાવેલ ન હોઈ આડોશી-પાડોશીનો વાંધો રજુ થયેલ હોય બીનખેતીની માંગણી આપવામાં આવેલ નથી જે તા.૨૪.૦૮.૨૦૧૫ ના રોજ હુકમ થયેલ છે. આમ એ બતાવે છે કે વાદીઓનો દાવાવાળો રસ્તો તેનું વર્ણન, હકીકતો રેકર્ડ તથા દસ્તાવેજો વિરુધ્ધ વાદીઓનું વર્તન અને કૃત્ય છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે પ્રતિવાદીઓએ દાવાવાળી જગ્યા જે રસ્તા તરીકે નહીં પરંતુ ખુલ્લી જગ્યા રાખતા સર્વે નં. ૯૪૨ ને અડીને સર્વે નંબર ૯૪૩ ની જમીન પણ પ્રતિવાદીઓની આવેલ હોઈ અને તે જમીન પૈકીમાં કેટલાક વર્ષ પહેલા ઘર બનાવતા અને સર્વે નંબર ૯૪૨ પૈકીની જમીનમાં પેટ્રોલ પંપ આવેલ હોઈ પ્રાઈવેસી સચવાય તેથી જવા આવવા ખુલ્લી

જગ્યા મુકેલી તે ખુલ્લી જગ્યામાં ત્યારબાદ દિવાલ કરવાની જરુરીયાત પડતા ઉંધા એલ આકારની દિવાલ કરવામાં આવેલ છે જેનો વાદીએ ખોટો ગેરલાભ લેવા રસ્તા તરીકે જણાવી વર્ણવી દાવો તથા મનાઈઅરજી કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે વર્ષોથી અને મુળથી વાદીઓના સર્વે નં.૯૪૧ અને ૯૪૦ ની પુર્વે ઉતરથી દક્ષિણ જતુ સળંગ નાળીયુ આવેલ જે હાલ ડામર રોડ થઈ ગયેલ છે અને ત્યાં થઈ વાદીઓ તથા આજુબાજુના સર્વે નંબરોવાળાઓ અવરજવર જાતે તથા હળ, બળદ, લાકડુ વિગેરે સાધનોથી લાવવા–લઈ જવા સુખાધિકારની રુઈએ ઉપયોગ કરતા આવ્યા છે અને કરે છે તેમછતાં વાદીઓએ તે હકીકત તથા કાયમી રસ્તો આવેલ હોવા છતાં અને ઉપયોગ કરતા હોવા છતાં તાજેતરમાં મોડાસા–બાયડ–કપડવંજ સ્ટેટ હાઈવે રોડ પહોળો થતા અને તે હાઈવે રોડ તદૃન અડીને આજુબાજુ જમીનો બીનખેતી થઈ બાંધકામો થતાં જમીનોની કિંમત ઉંચકાયેલ હોઈ જેથી વાદીઓએ પ્રતિવાદીઓના સર્વે નંબર ૯૪૨ ની જમીનને અડીને પુર્વે સર્વે નં. ૯૪૧ અને ૯ ૪૦ આવેલ હોઈ વાદીઓએ આ કારણથી પ્રતિવાદીઓના સર્વે નં. ૯૪૨ ની જમીનમાં આવેલ જગ્યાને રસ્તા તરીકે જણાવી પોતાની મિલ્કતોની ફ્રન્ટએજ વધારવા અને ઉંચી કિંમત મેળવવા ગેરકાનુની પ્રયાસ કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે હાલના કામના વાદીઓએ તેમના પ્લીડીંગ્સમાં દરેક જગ્યાએ જાહેર રોડ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ જો આ જાહેર રોડ હોય તો તેઓએ તમામ વતી પ્રતિનિધિસ્વરુપનો દાવો કરેલ નથી અને આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો માર્ક ૨૮/૩, ૨૮/૫ અને ૨૮/૬ ઉપરથી વાદગ્રસ્ત જગ્યાએ જાહેર રસ્તો નથી તેવું ફલીત થાય છે તેથી વાદગ્રસ્ત જગ્યાએ કોઈ જાહેર રસ્તો હોવાનું માની શકાય નહીં. વધુમાં એવી રજુઆત કરેલ છે કે હાલના કામના વાદીએ હાલનો દાવો ઈઝમેન્ટ રાઈટથી પણ કરેલ નથી અને તેથી દાવાનું સ્વરુપ બદલાઈ જાય છે તેમણે ઈઝમેન્ટ રાઈટનો કોઈ જગ્યાએ ઉલ્લેખ કરેલ નથી અને ફકત જાહેર રસ્તો હોવાનું જણાવેલ છે તેથી પણ મનાઈહુકમ આપી શકાય નહીં. વધુમાં એવી રજુઆત કરેલ છે કે સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૪૧(જે) મુજબ જયારે વાદીએ જાહેર રસ્તા અંગે દાવો કરેલ હોય ત્યારે તેમનો પોતાનો પર્સનલ ઈન્ટરેસ્ટ નથી તેવું માની શકાય અને તેથી પણ મનાઈહુકમ આપી શકાય નહીં. વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૪૧ (એચ) મુજબ પણ જયારે આવી જ સમાન દાદ અન્ય જગ્યાએ મળી શકતી હોય ત્યારે મનાઈહુકમ આપી શકાય નહીં. વધુમાં એવી રજુઆત કરેલ છે કે વાદગ્રસ્ત રસ્તો તે જાહેર રસ્તો નથી તેવું દસ્તાવેજી પુરાવાથી ફલીત થતું હોય અને તે જમીન પ્રતિવાદીઓની માલીકીની હોય તેથી બેલેન્સ

ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓની તરફેણમાં નથી અને વાદીઓનો પ્રથમદર્શનીય કેસ પણ નથી અને વાદીઓને ઈરીપેરેબલ લોસ પણ જવાની કોઈ શકયતા નથી તેથી મનાઈહુકમની અરજી નામંજુર કરવી જોઈએ.તેઓએ તેમની દલીલના સમર્થનમાં **નામદાર સર્વોચ્ચ અદાલતનું પ્રેમજી રતનસી શાહ અને બીજાઓ વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા અને બીજાઓનો ચુકાદો ૧૯૯૪(૨) કરન્ટ સિવિલ કેસીસ, પાન નં.૬૭૩ ઉપરનો રજુ કરેલ છે.**

(૧૧) પ્રસ્તુત અરજીનો ગુણદોષ ઉપર ન્યાયિક નિર્ણય કરતા પહેલા કામચલાઉ અરજીના નિર્ણય માટે ધ્યાને રાખવા ત્રણ મહત્વના પ્રસ્થાપિત સિધ્ધાંતો નજર સમક્ષ રાખવા જરૂરી છે. જેમાં પ્રથમ દર્શનીય કેસ, અસહય કે પારાવાર નુકશાન અને અનુકૂળતા અને પ્રતિકુળતાની સમતુલા કોની તરફેણમાં છે. આ ત્રણેય ઘટકો કામચલાઉ મનાઈહુકમની માંગણી કરનારે પોતાની તરફેણમાં છે તેવું પુરવાર કરવું જરૂરી છે અને આ ત્રણેય ઘટકો પૈકી એક પણ ઘટક જો કામચલાઉ મનાઈહુકમ માંગનાર વ્યકિત સાબિત કરવામાં નિષ્ફળ જાય તો કામચલાઉ મનાઈહુકમ તેની તરફેણમાં ફરમાવી શકાય નહિં.

(૧૨) ઉપરોકત ત્રણેય પરીબળોને નજરસમક્ષ રાખી પક્ષકારોના પક્ષનિવેદન ઉપરથી હકીકતોની છણાવટ કરીએ તો હાલના કામના પ્રતિવાદીની સર્વે નં. ૯૪૨ વાળી જમીન આવેલ છે અને તે જમીન હાલના કામના વાદીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલી તે અંગે બંને પક્ષકારોને તકરાર નથી.

(૧૩) વાદીની મુખ્ય તકરાર એવી રહેલી છે કે પ્રતિવાદીના સર્વે નં. ૯૪૨ (નવો સર્વે નંબર ૧૯૭૭) ની જમીનની દક્ષિણ બાજુની સાઈડે વચ્ચે થઈ પશ્ચિમ તરફ જતો રસ્તો આવેલ છે તે રસ્તામાં અડચણ, અટકાયત કરે નહીં. વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં વાદીએ માર્ક ૩/૨ થી જે નકશો રજુ કરેલ છે તેમાં વાદીના જણાવ્યા મુજબ સર્વે નં. ૯૪૨ ની દક્ષિણ બાજુ રસ્તો આવેલાનું વાદી તરફે રજુઆત કરેલ છે. માર્ક ૩/૨ નો નકશો વંચાણે લેવામાં આવે અને જોવામાં આવે તો આ નકશો કઈ ઓફીસ ધ્વારા બનાવવામાં આવેલ તે ફલીત થતુ નથી.

માર્ક ૩/૩ થી રજુ કરેલ અરજી વંચાણે લેવામાં આવે તો હાલના કામના વાદી નં. ૧ નાએ મામલતદારશ્રી, બાયડને તા.૧૩.૦૭.૨૦૧૫ ના રોજ આપેલ અરજીની નકલ છે તે અરજીમાં વાદગ્રસ્ત રસ્તામાં ગેરકાયદેસર દબાણ થવા બાબત આપેલાની હકીકત ફલીત થાય છે. માર્ક ૩/૬ થી કુલ છ ફોટોગ્રામ રજુ થયેલા છે અને વાદીના જણાવ્યા મુજબ તે વાદગ્રસ્ત રસ્તાના હોવાની રજુઆત કરેલ છે. પરંતુ હાલના તબકકે સદરહું ફોટોગ્રાફ જોતાં તે વાદગ્રસ્ત રસ્તાના જ હોવાનું અનુમાન થઈ શકે તેવું પ્રથમદર્શનીય કોઈ ચિન્હ પણ ન હોય તે હકીકત હાલના તબકકે માની શકાય તેમ નથી.

(૧૪) વાદી તરફે માર્ક ૨૨/૧, ૨૨/૩, ૨૨/૫ તથા ૨૨/૭, ૨૨/૮ થી ત્રાહીત વ્યકિતઓના સોગંદનામા રજુ થયેલ છે અને તેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે સર્વે નં.૯૪૧ અને ૯૪૨ તેમણે જોયેલ છે અને વાદગ્રસ્ત રસ્તેથી થઈને તેઓ તેમની જમીનમાં જાય છે અને તેમની પોતાની જમીનો વાદગ્રસ્ત રસ્તાની નજીક આવેલ છે. વધુમાં આ ત્રાહીત વ્યકિતઓએ પોતાની જમીનના ઉતારાની નકલો પણ રજુ કરેલ છે. વાદી તરફે માર્ક ૨૬/૧ તથા ૨૬/૨ થી દુરસ્તી થયેલ બાયડ ગામના નવા નકશા રજુ થયેલ છે. પરંતુ આ નકશાઓ વંચાણે લેતાં આ નકશાઓ કઈ ઓફીસ ધ્વારા બનાવવામાં આવેલ હોય તેવું ફલીત થતું નથી.

(૧૫) પ્રતિવાદીઓ તરફે માર્ક ૨૮/૧ થી હાલના કામના પ્રતિવાદીએ સર્વે નં. ૯૪૨ વાળી જમીન ખરીદેલ તેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ છે. સદરહું દસ્તાવેજ વંચાણે લેતાં તેમાં કોઈ જગ્યાએ સર્વે નં. ૯૪૨ ની દક્ષિણે રસ્તો આવેલ હોવાની હકીકત ચર્તુસીમામાં કે આખા દસ્તાવેજમાં લખેલ નથી. માર્ક ૨૮/૨ થી હાલના કામના વાદીઓએ સર્વે નં. ૯૪૧ ની જમીન વેચાણ કરેલ તેનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ છે તે બતાવી પ્રતિવાદીએ એવી રજુઆત કરેલ છે કે તે દસ્તાવેજમાં એવી હકીકત જણાવેલ છે કે વેચાણ આપનારને વાદીઓએ રસ્તો આપવાનો છે તેથી હાલનો ખોટો રસ્તો ઉભો કરવા માંગે છે. સદરહું વેચાણ દસ્તાવેજ વંચાણે લેતાં તેમાં રસ્તો આપવાન હકીકત જણાવેલ છે. માર્ક ૨૮/૩ થી કલેકટર કચેરી, અરવલ્લી ધ્વારા નાયબ કલેકટર, બાયડને લખેલ પત્ર છે તેમાં સર્વે નં. ૯૪૧ પૈકી ૧ ની જમીન બીનખેતી કરવા માટે ટાઈટલ કલીયર અંગે ના વાંધા પ્રમાણપત્ર મળવા બાબત છે તેમાં કલેકટર કચેરી ધ્વારા જણાવેલ

છે કે જે રસ્તો લે–આઉટ પ્લાનમાં બતાવેલ છે તે સંબંધીત જમીન માલીકોની સંમતી મેળવી રજુ કરેલ નથી અને તે રસ્તા પરત્વે વાંધાઓ રજુ થયેલ છે અને કી–પ્લાનમાં દર્શાવેલ રસ્તા પરત્વે કોઈ જ આધાર પુરાવા રજુ કરેલ નથી અને સરકારી રસ્તો કે જાહેર નાળીયુ સરકારી રેકર્ડે કે હકકપત્રકમાં રસ્તાની કોઈ નોંધ પડેલ ન હોઈ ટાઈટલ કલીયર ગણી શકાય નહીં. માર્ક ૨૮/૪ થી પટેલ ગીરીશભાઈ કેશવભાઈએ પ્રાંત અધિકારી, બાયડને વાદગ્રસ્ત રસ્તા અંગે લખેલ પત્ર છે અને તેમાં કોઈ સરકારી રસ્તો આવેલ નથી કે જાહેર નાળીયુ આવેલ નથી અને જમીનમાંથી રસ્તો પ્રવેશ માટેનો બનાવેલ છે તેમ જણાવેલ છે. માર્ક ૨૮/૫ થી બાયડ નગરપાલીકાએ પ્રાંત અધિકારીને લખેલ પત્ર છે તેમાં જણાવેલ છે કે સર્વે નં. ૯૪૧ પૈકી ૧ ની જમીનમાં બીનખેતી થાય તે માટે તેમને વાંધો નથી. માર્ક ૨૮/૬ થી પ્રાંત અધિકારી, બાયડ ધ્વારા સર્વે નં. ૯૪૧/૧ ની જમીન ખરીદનાર અતુલભાઈને લખેલ પત્ર છે અને તેમાં જાહેર રસ્તા અંગે ટાઈટલ કલીયર ન હોય બીનખેતી મંજુરી નામંજુર કરેલ છે તે જણાવેલ છે.

(૧૬) આમ, ઉપરોકત તમામ મૌખિક રજુઆતો તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં વાદીઓએ એવી હકીકત જણાવેલ છે કે વાદગ્રસ્ત જગ્યાએ રસ્તો પરાપુર્વથી અને આજુબાજુની જમીનોવાળા તે રસ્તેથી થઈને જ જાય છે અને પ્રતિવાદીએ ગેરકાયદેસર બાંધકામ કરવાની તજવીજ કરેલ છે અને તેના સમર્થનમાં તેઓએ નકશા રજુ કરેલ છે અને ત્રાહીત વ્યકિતઓના સોગંદનામા રજુ કરેલા છે અને કોર્ટ કમિશ્નર ધ્વારા થયેલ પંચનામું અને નકશા મુજબ પણ રસ્તો આવેલ હોવાનું અને રસ્તામાં સ્ટ્રીટ લાઈટો આવેલ હોય રસ્તો પરાપુર્વથી છે તેમ માનવુ જોઈએ તેવી રજુઆત કરેલ છે. આ અંગે રેકર્ડ ઉપરનો દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવામાં આવે તો આ કામે વાદીઓ તરફથી જે નકશા રજુ થયેલ છે તે નકશાઓ કયારે અને કોણે બનાવેલા તેવું પ્રથમદર્શનીય રીતે પણ ફલીત થતુ નથી અને તે નકશાઓ સરકારી નકશાઓ હોવાનું ફલીત થતુ નથી કારણ કે રેકર્ડ ઉપર આ કામના પ્રતિવાદીઓ તરફથી જે પ્રાંત કચેરી, નાયબ કલેકટર કચેરી, કલેકટર કચેરના પત્ર વ્યવહાર રજુ થયેલા છે તેના ઉપરથી વાદગ્રસ્ત જગ્યાએ કોઈ રસ્તો આવેલ હોવાની હકીકત તેમના રેકર્ડ ઉપર નથી તેથી આ નકશા મુજબ વાદગ્રસ્ત જગ્યાએ પરાપુર્વથી રસ્તો આવેલ હોવાનું માની શકાય તેમ નથી. વધુમાં ત્રાહીત વ્યકિતઓએ સોગંદનામા કરી એવું જણાવેલ છે કે તેઓ પોતાની જમીનમાં જવા માટે વાદગ્રસ્ત રસ્તાનો ઉપયોગ કરે છે અને તેમની જમીન વાદગ્રસ્ત રસ્તાની નજીકમાં આવેલ

છે. પરંતુ આ કામના પ્રતિવાદીઓએ તેમના જવાબમાં પણ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓએ વાદગ્રસ્ત રસ્તાવાળી જમીન ખુલ્લી રાખેલ હતી. તેથી જો કોઈ વ્યકિતએ પોતાની જમીન ખુલ્લી રાખેલ હોય અને અન્ય વ્યકિતઓ તે જમીનનો રસ્તા તરીકે ઉપયોગમાં લીધેલ હોય તો તે જગ્યા એ સરકારી કે જાહેર રસ્તો છે તેવું કહી શકાય નહીં અને તે જમીનના માલીક તે ખુલ્લી જગ્યાની જરુરીયાત ઉભી થાય ત્યારે તેમની મરજી મુજબ પોતાની હદમાં જરુરી પરવાનગી લઈ બાંધકામ કે જે કાંઈ નિયમ મુજબનું કરવુ હોય તે કરી શકે અને તેને રોકી શકાય નહીં. વધુમાં રેકર્ડ પર રજુ થયેલ કોર્ટ કમિશ્નરનું પંચનામું અને નકશો વંચાણે લેતાં એવું ફલીત થાય છે કે વાદગ્રસ્ત જગ્યાએ રસ્તા જેવુ થઈ ગયેલ છે પરંતુ અગાઉ જણાવ્યુ તેમ કોઈ વ્યકિતએ ખુલ્લી જગ્યા રાખેલ હોય અને તેની આજુબાજુની જમીનવાળી વ્યકિત તેનો રસ્તા તરીકે ઉપયોગ કરતા હોય તેનાથી તે જમીનના મુળ માલીકને તે જમીનની જરુરીયાત ઉભી થાય ત્યારે તે જગ્યાના મુળ માલીકને તે જગ્યા પરત લેવા રોકી શકાય નહીં અને તેનાથી અન્ય વ્યકિતઓ કે જેઓ ત્યાંથી ચાલતી હતી તેમને રસ્તા તરીકેનો ઉપયોગ કરવા દેવા કાયદાથી અધિકાર આપી શકાય નહીં.

(૧૭) વધુમાં માર્ક ૨૮/૩ અને ૨૮/૬ થી રજુ થયેલ પત્રો વંચાણે લેતાં કલેકટર કચેરી, અરવલ્લી અને પ્રાંત કચેરી, બાયડ ધ્વારા સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે વાદગ્રસ્ત જગ્યાએ સરકારી રસ્તો કે જાહેર નાળીયુ નથી અને તે રસ્તા અંગે સંબંધીત જમીન માલીકોની સંમતિ મેળવી રજુ કરવી પડે. તેથી હાલના તબકકે એટલું ચોકકસપણે કહી શકાય તેમ છે કે જે વાદગ્રસ્ત રસ્તો સરકારી રેકર્ડ ઉપર એન.એ. કરાવતી વખતે બતાવવામાં આવેલ છે તે રસ્તો અન્ય જમીન માલીકોની માલીકી–કબ્જાવાળી જમીનમાં બતાવવામાં આવેલ હોય શકે અને તો જ કલેકટરશ્રી ધ્વારા આવો ઉલ્લેખ કરવામાં આવેલ હોય શકે. વધુમાં જે કચેરીમાં રસ્તા અંગેની માહીતી કે નકશાની માહીતી રાખવામાં આવતી હોય છે તે કલેકટર કચેરી અને પ્રાંત કચેરીએ પણ સરકારી રસ્તો ન હોવાનું જણાવેલ હોય ત્યારે ત્રાહીત વ્યકિતઓએ જે સોગંદનામા કરેલ છે તેના આધારે વાદગ્રસ્ત જગ્યાએ સરકારી રસ્તો આવેલ હોવાનું હાલના તબકકે માની શકાય નહીં.

(૧૮) પ્રતિવાદી તરફે એવી તકરાર ઉઠાવેલ છે કે હાલનો દાવો પ્રતિનિધિસ્વરુપે કરેલ નથી અને ઈઝમેન્ટ રાઈટથી કરેલ નથી અને રસ્તા અંગે અન્ય જગ્યાએ દાદ મળી શકે તેમ છે તેમ છતાં

દાવો લાવેલ છે તેથી મનાઈહુકમ આપી શકાય નહીં અને સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૪૧(જે) અને (એચ) મુજબ મનાઈહુકમ આપી શકાય નહીં. પરંતુ હાલના તબકકે વચગાળાની અરજીનો નિર્ણય કરવાનો રહે છે પ્રતિવાદીની આ તકરારો પુરાવો બંને પક્ષે રજુ થઈ ગયા બાદ પુરાવાનું મુલ્યાંકન કરતી વખતે નિર્ણય થઈ શકે તેમ હોય હાલના તબકકે કહેવું કસમયનુ ગણાશે તેમ આ અદાલતનું માનવું છે. વાદીઓ તરફે ઉપર જણાવ્યા મુજબની ત્રણ ઓથોરીટી રજુ કરી અત્રેની અદાલતને રસ્તા અંગે નિર્ણય કરવાની સત્તા છે અને મામલતદારશ્રી રુબરુ જ જવુ પડે તેવું નથી તેવી રજુઆત કરેલ છે. તેથી ઉપરોકત ત્રણેય ઓથોરીટી માનસહ વંચાણે લેતાં હાલના તબકકે વચગાળાના મનાઈહુકમની અરજીનો નિર્ણય કરવાનો હોય આ પ્રશ્ન અસ્થાને હોય હાલની ત્રણેય ઓથોરીટી માનસહ હાલના તબકકે હાલના કેસને લાગુ પાડી શકાય તેમ નથી. પ્રતિવાદીઓ તરફે રજુ થયેલ ઓથોરીટી વંચાણે લેતાં જયારે વાદીઓ પોતાનો હકક ચાલુ હોવાનું બતાવી શકતા ન હોય ત્યારે તેમને મનાઈહુકમથી રક્ષણ આપી શકાય નહીં તેમ જણાવેલ છે. હાલના હાથ ઉપરના કેસમાં વાદગ્રસ્ત રસ્તાની નજીકમાં વાદીઓની પણ જમીન આવેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે ફલીત થતું હોય વાદીઓનો હકક ન હોવાનું હાલના તબકકે માની શકાય તેમ નથી અને તે પુરાવાનો વિષય હોય તેનું મુલ્યાંકન પુરાવો લીધા બાદ જ થઈ શકે તેમ છે. જેથી હાલની ઓથોરીટી પણ હાલના કેસને માનસહ લાગુ પાડી શકાય તેમ નથી.

(૧૯) વધુમાં માર્ક ૨૮/૧ થી રજુ થયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો તે હાલના કામના પ્રતિવાદી નં. ૧ એ સર્વે નં. ૯૪ર ની જમીન સને ૧૯૭૭ માં ખરીદેલ તેની નકલ છે તે વંચાણે લેતાં તે જમીનની ચર્તુસીમામાં કે દસ્તાવેજમાં કોઈ જગ્યાએ આવો સરકારી જાહેર રસ્તો કે અન્ય રસ્તો આવેલ હોવાની હકીકત જણાવેલ નથી. જો સર્વે નં. ૯૪ર ની દક્ષિણે જાહેર રસ્તો કે સરકારી રસ્તો આવેલ હોત કે તે જમીનમાંથી અન્ય રસ્તાનો હકક આપવાનો થતો હોત અને અન્ય કોઈ રસ્તો ઉપલબ્ધ ન હોત તો ચોકકસપણે સને ૧૯૭૭ માં દસ્તાવેજ રજીસ્ટર્ડ થયેલ ત્યારે સર્વે નં. ૯૪ર ની દક્ષિણે સરકારી કે જાહેર રસ્તો તેવું જણાવવામાં આવેલ હોત પરંતુ સદરહું દસ્તાવેજમાં દક્ષિણે હરીજનની જમીન છે તેવું જણાવવામાં આવેલ છે. આમ, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની હકીકતો વંચાણે લેતાં સર્વે નં. ૯૪ર ની દક્ષિણે કોઈ સરકારી કે જાહેર રસ્તો

આવેલ હોવાનું હાલના તબકકે ફલીત થતું નથી. તેથી વાદીની માંગણી મુજબનો મનાઇહુકમ આપી શકાય નહીં.

(૨૦) વધુમાં વાદીઓના જણાવ્યા મુજબ વાદગ્રસ્ત જગ્યાએ રસ્તો ૫૦ વર્ષ અગાઉથી આવેલ હોવાની હકીકત જણાવેલ છે પરંતુ જો આવો રસ્તો ૫૦ વર્ષ ઉપરાંતથી આવેલ હોત તો હાલના કામના પ્રતિવાદીએ સર્વે નં. ૯૭૨ ની જમીન સને ૧૯૭૭ માં ખરીદ કરેલ તે વખતે પણ મોજુદ હોય શકે અને તો તેના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં ચર્તુસિમામાં કે કોઈ જગ્યાએ સર્વે નં. ૯ ૭૨ ની દક્ષિણ બાજુ જાહેર/સરકારી રસ્તો આવેલ હોવાની હકીકત જણાવેલ હોત પરંતુ તેવી કોઈ હકીકત ફલીત થતી ન હોય જેથી વાદીના જણાવ્યા મુજબની જગ્યાએ વાદગ્રસ્ત રસ્તો ૫૦ વર્ષથી આવેલ હોવાનું પણ માની શકાય તેમ નથી એન વાદી આ રસ્તાનો ૫૦ વર્ષથી ઉપયોગ કરતા હોવાનું પણ માની શકાય તેમ નથી.

(૨૧) આમ, આ કામે રેકર્ડ ઉપર રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ તથા બંને પક્ષકારોના પ્લીડીંગ્સ ઉપરથી વાદગ્રસ્ત જગ્યાએ જાહેર કે સરકારી રસ્તો આવેલ હોવાનું કે વાદીઓ ૫૦ વર્ષથી સદરહું રસ્તાનો ઉપયોગ કરતા હોવાનું પ્રથમદર્શનીય રીતે ફલીત થતું ન હોય તેથી વાદગ્રસ્ત જગ્યાએ રસ્તો આવેલ હોવાનું માની શકાય તેમ નથી. વધુમાં વાદીઓ વાદગ્રસ્ત જગ્યાએથી વાદગ્રસ્ત જગ્યાનો રસ્તા તરીકે ૫૦ વર્ષ ઉપરાંતથી ઉપયોગ કરતા હોવાનું પણ પ્રથમદર્શનીય પુરાવાથી ફલીત થતુ ન હોય વાદીની તે હકીકત પણ માનવાપાત્ર નથી.

(૨૨) આમ, રેકર્ડ ઉપરના દસ્તાવેજી પુરાવાથી જયારે વાદીઓ વાદગ્રસ્ત જગ્યાએ રસ્તો સરકારી કે જાહેર રસ્તો આવેલ હોવાનું કે વર્ષો પર્યંતથી તેઓ રસ્તા તરીકે ઉપયોગ કરતા હોવાનું ફલીત થતું ન હોય ત્યારે હાલના તબકકે વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ હોવાનું ફલીત થતું નથી. વધુમાં જયારે રેકર્ડ ઉપરના પ્રથમદર્શનીય પુરાવાથી વાદગ્રસ્ત જગ્યાએ રસ્તો આવેલ હોવાનું ફલીત થતું ન હોય અને સરકારી રેકર્ડ મુજબ પણ વાદગ્રસ્ત જગ્યાએ રસ્તો ન હોવાનું ફલીત થતુ હોય ત્યારે જો વાદીઓની માંગણી મુજબનો મનાઇહુકમ આપવામાં આવે તો આ કામના પ્રતિવાદીઓના હકકને ચોકકસપણે નુકશાન પહોંચી શકે અને તેથી વાદીઓના બદલે

પ્રતિવાદીઓને નાણામાં પુરી ન શકાય તેવું નુકશાન જવાની શકયતાને નકારી શકાય તેમ નથી અને તેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીઓની તરફેણમાં હોવાનું આ અદાલતનું માનવું છે. તેથી વાદીઓની વચગાળાના મનાઈહુકમની અરજી નામંજુર થવાપાત્ર હોવાનું ફલીત થાય છે.

(૨૩) આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓની પ્રસ્તુત અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી ન હોય, પ્રસ્તુત અરજીનો ન્યાયિક અંત આણતા, નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) હાલની વચગાળાના મનાઈહુકમની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ અરજીનો ખર્ચ દાવા અરજીના નિર્ણયને અનુસરશે.

આજ તારીખ ૨૫ મી માહે જાન્યુઆરી સને ૨૦૧૬ ના રોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(હરેશકુમાર વલ્લભભાઈ જોટાણીયા)
મુખ્ય સિવિલ જજ, બાયડ.
**GJ-01054**

બાયડ.
તા.૨૫.૦૧.૨૦૧૬